| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | **૦૫/૧૨/૨૦૨૪** | | |
| રજીસ્ટર તારીખ | **૦૫/૧૨/૨૦૨૪** | | |
| ફેંસલ તારીખ | **૨૭/૦૩/૨૦૨૬** | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૧** | **૦૩** | **૨૨** |

**આંકઃ–**

## FROM–A

| **રાજકોટ જીલ્લાના ૭ માં એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૨૭/૦૩/૨૦૨૬** |
| સેશન્સ કેસ નંબર | **૧૪/૨૦૨૪** |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર |
| પોલીસ સ્ટેશન | જેતપુર સિટી પોલીસ સ્ટેશન |
| એ.પી.પી.શ્રી | **કે. એ. પંડયા.** |
| મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી | -- |
| ગુનાની કલમ | ઈ. પી. કોડની કલમ–૩૭૯(એ)૩, ૧૧૪. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૩૦૨૨૨૦૦૦૬૧/૨૦૨૧ |
| આરોપી પક્ષ | ૧. **હિરેન ઉર્ફે હિરકો ભરતભાઈ ઝીંજવાડીયા**<br>ઉ.આ.વ. ૧૯, ધંધોઃ મજૂરી,<br>રહે. બળદેવધાર, સરકારી નિશાળ પાસે,<br>નવાગઢ, જેતપુર, જિ. રાજકોટ.<br>૨. **પ્રતાપભાઈ ઉર્ફે પદુ દેવકુભાઈ બસીયા**<br>ઉ.આ.વ. ૨૬, ધંધોઃ મજૂરી,<br>રહે. ભાદરના સામા કાંઠે,<br>રામાપીરનું મંદીર, ખુલ્લા ફાટક પાસે,<br>જેતપુર, જિ. રાજકોટ.<br>૩. **વિરપાલ ઉર્ફે વિરપન વિરકુભાઈ ડેરૈયા**<br>ઉ.આ.વ. ૨૦, ધંધોઃ મજૂરી,<br>રહે. રબારીકા, અવેડા પાસે,<br>તા. જેતપુર, જિ. રાજકોટ. |
| બચાવપક્ષે વિ. વ. શ્રી | **એન. બી. પંડ્યા.** |

# FROM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૭/૦૧/૨૦૨૧ |
| એફ.આઇ.આર. તારીખ | ૧૨/૦૧/૨૦૨૧ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૨/૦૯/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ૧૯/૧૨/૨૦૨૪ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | **૨૭/૦૩/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૨૭/૦૩/૨૦૨૬** |
| સજા, હુકમની તારીખ(લાગુ પડે તો) | -- |

**આરોપીની વિગતઃ-**

| ક્રમ નં. | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર છોડ્યા તારીખ | ગુનો આઇ. પી. સી. કલમ | તકસીર વાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી. આર. પી.સી. ની. કલમ-૪૨૮ માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| **૧.** | હિરેન ઉર્ફે હિરકો ભરત ભાઈ ઝીંજવા ડીયા | ૧૫/૦૧/૨૦૨૧ | ૨૭/૦૧/૨૦૨૧ | ઈ. પી. કોડની કલમ-૩૭૯ (એ)૩, ૧૧૪ | નિર્દોષ | -- | ૧૨ દિવસ |
| **૨.** | પ્રતાપ ભાઈ ઉર્ફે પદુ દેવકુ ભાઈ બસીયા | ૧૫/૦૧/૨૦૨૧<br>૨૧/૦૯/૨૦૨૩<br>૧૯/૧૧/૨૦૨૪ | ૨૭/૦૧/૨૦૨૧<br>૨૨/૦૯/૨૦૨૩<br>૧૦/૦૧/૨૦૨૫ | ઉપર મુજબ | નિર્દોષ | -- | ૬૫ દિવસ |
| **3.** | વિરપાલ ઉર્ફે | ૧૫/૦૧/૨૦૨૧ | ૨૭/૦૧/૨૦૨૧ | ઉપર મુજબ | નિર્દોષ | -- | ૧૨ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વિરપન<br>વિરકુ<br>ભાઈ<br>ડેરૈયા | | | | | | |

## ચૂ કા દો

**(૧)** ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તા. ૦૭/૦૧/૨૦૨૧ નાં રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં મોજે મુરલીધર વેબ્રીજ પાસે, મઘેડીનાં પુલ પાસે, ભાદરના સામા કાંઠે, જેતપુર મુકામે સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જીજે ૦૩ કેએમ ૧૭૭૦ ઉપર આવી, ફરિયાદીનો ટેકનો કંપનીનો કેસીરજે મોડેલનો મોબાઈલ ફોન કિંમત રૂા. ૭૦૦૦/– નો ઝૂંટવી લઈ જઈ ગુનો કરેલ હોઈ તે અંગે ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ બનાવ અંગે ધોરણસર થવા માટે ફરિયાદ નોંધાવેલ હતી.

**(૨)** ઉપરોક્ત બનાવની ફરિયાદ તા. ૧૨/૦૧/૨૦૨૧ નાં રોજ જેતપુર સિટી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૨૨૦૦૦૬૧/૨૦૨૧ થી ઈ. પી. કોડની કલમ–૩૭૯(એ)૩, ૧૧૪ મુજબની દાખલ કરવામાં આવેલ. બનાવની ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ દરમિયાન સ્થાનિક જગ્યાનુ પંચનામુ કરેલ, તપાસ દરમિયાન જરૂરી પંચનામાઓ કરવામાં આવેલ, જરૂરી મુદ્દામાલ કબજે લેવામાં આવેલ તેમજ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી લઈ સમગ્ર તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પૂરતો પુરાવો મળી આવતાં ઈ. પી. કોડની કલમ–૩૭૯(એ)૩, ૧૧૪ મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનાઓનુ પુરવણી ચાર્જશીટ જેતપુરનાં વિ. જ્યુડી. મેજી. ફ. ક. શ્રીની અદાલતમાં દાખલ કરવામાં આવેલ જે ચાર્જશીટ ફોજ. કેસ નં. ૩૨૩૩/૨૦૨૨ થી તા. ૨૨/૦૯/૨૦૨૨ નાં રોજ નોંધવામાં આવેલ, પરંતુ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટને હોઈ ત્યારબાદ વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીને ફોજદારી કાર્યરિતી સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૦૭ અનુસાર પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, કલમ–૨૦૯ અનુસાર ફોજદારી કેસનું સમગ્ર રેકર્ડ અને પ્રોસીડીંગ્સ નામ. સેશન્સ અદાલત, જેતપુર તરફ કમીટ કરીને મોકલી આપેલ જે સેશન્સ કેસ

નં. ૧૪/૨૦૨૪ થી તા. ૦૫/૧૨/૨૦૨૪ નાં રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે અત્રેની અદાલત દ્વારાં આંક-૪ થી આરોપીઓ વિરૂદ્ધ તા. ૧૯/૧૨/૨૦૨૪ નાં રોજ ઈ. પી. કોડની કલમ-૩૭૯(એ)૩, ૧૧૪ મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનાનું તહોમતનામુ ઘડેલ છે જે પરત્વે આરોપીઓનું આંક-૫ થી આંક-૭ સુધી ગુના પરત્વેનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે તેમજ આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

**(૪) ફરિયાદપક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં નીચે પ્રમાણેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.**

## FROM-C

### અ. ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા

| સાહેદ નંબર | સાહેદોના નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | કનુભાઈ પોપટભાઈ સોજીત્રા | ૨૪ | બનાવવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદ. |
| ૨. | ધનસુખભાઈ શામજીભાઈ પ્રજાપતિ | ૨૬ | બનાવવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદ. |
| ૩. | નાગજીભાઈ દેવાભાઈ બાપોદરા | ૨૭ | મુદ્દામાલ મોબાઈલ નંગ-૨૬ કબજે કર્યાનાં પંચનામાંના પંચ સાહેદ. |
| ૪. | મુકેશભાઈ મથુરદાસ ધાણક | ૨૯ | મુદ્દામાલ મોબાઈલ નંગ-૨૬ કબજે કર્યાનાં પંચનામાંના પંચ સાહેદ. |
| ૫. | વિજયભાઈ નન્નુભાઈ પરમાર | ૩૦ | ફરિયાદી. |
| ૬. | પંકજસિંહ પ્રતાપસિંહ જાડેજા | ૩૩ | તપાસ કરનાર અમલદાર. |

### બ. ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

| અનુ. નં. | આંક | દસ્તાવેજ |
|---|---|---|

| | | |
|---|---|---|
| **૧.** | ૨૫/સાહેદ નં. ૧, ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |
| **૨.** | ૨૮/સાહેદ નં. ૩, ૪ | મુદ્દામાલ મોબાઈલ નંગ–૨૬ કબજે કર્યાનું પંચનામું. |
| **૩.** | ૩૧/સાહેદ નં. ૫ | ફરિયાદ. |
| **૪.** | ૩૪/સાહેદ નં. ૬ | તપાસ સોંપ્યા અંગેનો ડેપ્યુટ હુકમ. |

(૫) આ કામે વિ. એડી. પી. પી. શ્રીએ કલોઝીંગ પુરસીસ આપ્યા બાદ આરોપીઓનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષનાં પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓએ કોઈ ગુનો કરેલ ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી છે.

(૬) આ કેસમાં વિ. એડી. પી. પી. શ્રી પંડ્યાએ તેમની મૌખિક રજૂઆતોમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ તરફે રજુ રાખેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લેતાં આ કામનાં આરોપીઓ સામે ગુનો સાબિત માની શકાય તેમ છે તથા ફરિયાદ નોંધાવનાર ફરિયાદી તથા તપાસ કરનારનો પુરાવો માનવાલાયક હોઈ જેથી ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં સફળ રહેલ હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે.

(૭) બચાવપક્ષે વિ. વ. શ્રીએ તેઓની મૌખિક રજૂઆતોમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષનાં કહેવા મુજબ જે ઇસમ પાસેથી આરોપીઓએ લૂંટ કરેલ હોવાનું જણાવેલ છે તે ખુદ ફરિયાદીએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઇ પુરાવો રજૂ રાખેલ નથી તેમજ આ કામે તપાસવામા આવેલ પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ નથી તેમજ હાલની ફરિયાદ પણ આશરે પાંચેક દિવસ જેટીલ મોડી આપવામાં આવેલ છે જેનો પણ કોઈ ખુલાસો ફરિયાદપક્ષ તરફથી કરવામાં આવેલ નથી જેથી પૂરતા પુરાવાઓનાં અભાવે ફરિયાદપક્ષ હાલનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ આરોપીઓને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) **સદર કેસના નિર્ણય માટે મારા નીચે મુજબનાં મુદા નિર્ણીત**

**કરવા જરૂરી બને છે.**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તા. ૦૭/૦૧/૨૦૨૧ નાં રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં મોજે મુરલીધર વેબ્રીજ પાસે, મઘેડીનાં પુલ પાસે, ભાદરના સામા કાંઠે, જેતપુર મુકામે સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જીજે ૦૩ કેએમ ૧૭૭૦ ઉપર આવી, ફરિયાદીનો ટેકનો કંપનીનો કેસીરજે મોડેલનો મોબાઈલ ફોન કિંમત રૂા. ૭૦૦૦/- નો ઝૂંટવી લઈ જઈ ઈ. પી. કોડની કલમ-૩૭૯(એ)૩, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૯) ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાનાં આધારે અમારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.**

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**(૧૦) <u>મુદ્દા નં. ૧, ૨</u>**

ઉપરોકત હકીકત સાબિત કરવા માટે સૌપ્રથમ આ કામમા ફરિયાદમાં જણાવ્યા મુજબનાં જે સાહેદો એટલે કે વ્યકિતઓ પાસેથી લૂંટ થયેલ છે તેવા સાહેદોનો પુરાવો ધ્યાને લેવો જરૂરી થઇ પડે છે અને તેવા મહત્વનાં સાહેદ આ કામે ખુદ ફરિયાદી છે જે વિજયભાઈ નન્નુભાઈ પરમારને હાલનાં કામે આંક-૩૦ થી તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ પાંચેક વર્ષ પહેલાં સાંજે સાતેક વાગ્યાના અરસામાં બનેલો અને તેઓ મુરલીધર વજન કાંટા પાસેથી જયેશભાઈની કેબીને મોબાઈલ પર વાત કરતાં જતાં હતાં ત્યારે ત્રણ અજાણ્યા ઈસમો પાછળથી મોટર સાયકલ ઉપર આવેલ અને તેમનો મોબાઈલ આંચકીને લઈ ગયેલ. તે મોટર સાયકલનો નંબર તેમને ખબર નથી, પરંતુ સ્પ્લેન્ડર મોટર સાયકલ હતી તે બાબતે પોલીસ ફરિયાદ કરેલી. ફરિયાદ આપ્યા બાદ પોલીસે તેમને પોલીસ સ્ટેશને બોલાવેલ અને મોબાઈલ ઝૂંટવી જનાર ઈસમોને બતાવેલ હતાં જેનાં નામ

ખ્યાલ નથી, પરંતુ બળદેવધાર, જેતપુરનાં હતાં.

બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં સાહેદે મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ સાંજના સમયે બનેલો અને અંધારૂ હતું અને ત્યાં બીજા વાહનોની પણ અવર જવર હોય છે. તેઓએ આરોપીઓને બનાવ સ્થળે જોયેલ ન હતાં તેમજ મામલતદાર કચેરી કે અન્ય કોઈ જગ્યાએ ઓળખ પરેડ કરાવવા બોલાવેલ નહીં. પોલીસે ક્યા ઈસમ પાસેથી મોબાઈલ કબજે કરેલ તેનો તેમને ખ્યાલ નથી.

આમ, હાલનાં સાહેદની ઉપરોક્ત જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલનાં સાહેદે આરોપીને બનાવ સ્થળે જોયેલ હોય કે બનાવમાં કઈ મોટર સાયકલ સંડોવાયેલ હતી તેનો નંબર પણ દર્શાવેલ નહોઈ હાલનાં સાહેદની જુબાનીથી હાલનાં આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૧૧)** ફરિયાદપક્ષે આ કામે આંક–૨૫ થી રજૂ બનાવવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવા માટે આંક–૨૪ થી પંચ સાહેદ કનુભાઈ પોપટભાઈ સોજીત્રાને તથા આંક–૨૬ થી પંચ સાહેદ ધનસુખભાઈ શામજીભાઈ પ્રજાપતિને તપાસવામાં આવેલ છે જ્યારે આંક–૨૮ થી રજૂ મુદ્દામાલ મોબાઈલ નંગ–૨૬ કબજે કર્યાનું પંચનામું પુરવાર કરવા માટે આંક–૨૭ થી પંચ સાહેદ નાગજીભાઈ દેવાભાઈ બાપોદરાને તથા આંક–૨૯ થી પંચ સાહેદ મુકેશભાઈ મથુરાદાસ ધાણકને કોર્ટ રૂબરૂ તપાસવામાં આવેલ છે જેઓએ પંચનામાંઓની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો તેઓની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ ન હોઈ તે તમામને વિ. પી. પી. શ્રી દ્વારાં ફરી ગયેલાં જાહેર કર્યા બાદ વિ. પી. પી. શ્રી દ્વારાં કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ તેઓએ પંચનામાંઓની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો જણાવેલ ન હોઈ તેઓની જુબાનીઓથી હાલનાં કામે આંક–૨૫ તથા આંક–૨૮ થી રજૂ પંચનામાં ફરિયાદપક્ષ નિઃશંક રીતે પુરવાર કરી શકેલ નથી.

**(૧૨)** ફરિયાદપક્ષે આ કામે આંક–૩૩ થી તપાસ કરનાર અમલદાર પંકજસિંહ પ્રતાપસિંહ જાડેજાને કોર્ટ રૂબરૂ તપાસવામાં આવેલ છે જેઓએ તેમની જુબાનીમાં તેઓએ ગુનાની તપાસ કરેલાનું અને તપાસ દરમિયાન

કરેલ કામગીરીનો વિગતવારનો પુરાવો આપેલ છે, પરંતુ જ્યારે ખુદ ફરિયાદીએ જ ફરિયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી ત્યારે આ સાહેદે ગુનાની તપાસ કરેલાનો પુરાવો આપેલ છે તે પુરાવો આરોપીને ગુના સાથે સાંકળવા માટે સ્વતંત્ર રીતે પૂરતો જણાતો નથી. વધુમાં પોલીસ અધિકારીનો પુરાવો માત્ર સમર્થનકર્તા ગણાય અને તેના આધારે કેસના પરિણામમાં ફરક પડે નહીં. આ હકીકત ધ્યાને રાખતાં આ કેસમાં પણ પોલીસ ઓફીસરનાં પુરાવાનું કોઈ ખાસ મહત્વ રહેતું નથી તેમ માનવામાં આવે છે.

**(૧૩)** આમ, ઉપરોક્ત તમામ હકીકતો જોતાં આ કામનાં આરોપીઓએ એકબીજાની મદદગારીમાં તા. ૦૭/૦૧/૨૦૨૧ નાં રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં મોજે મુરલીધર વેબ્રીજ પાસે, મઘેડીનાં પુલ પાસે, ભાદરના સામા કાંઠે, જેતપુર મુકામે સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જીજે ૦૩ કેએમ ૧૭૭૦ ઉપર આવી, ફરિયાદીનો ટેકનો કંપનીનો કેસીરજે મોડેલનો મોબાઈલ ફોન કિંમત રૂા. ૭૦૦૦/- નો ઝૂંટવી લઈ જઈ ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શક્તાં ન હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

(૧) આ કામનાં આરોપી **નં. ૧ હિરેન ઉર્ફે હિરકો ભરતભાઈ ઝીંજવાડીયા, નં. ૨ પ્રતાપભાઈ ઉર્ફે પદુ દેવકુભાઈ બસીયા તથા નં. ૩ વિરપાલ ઉર્ફે વિરપન વિરકુભાઈ ડેરેયાનાઓને** જેતપુર સિટી પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૨૨૦૦૦૬૧/૨૦૨૧, ઈ. પી. કોડની કલમ-૩૭૯(એ)૩, ૧૧૪ મુજબનાં ગુનાના કામે ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૨૩૫(૧) અન્વયે પુરાવાઓનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓએ ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૪૩૭(એ)ની જોગવાઈ મુજબ **પ્રત્યેકે રૂા. ૨૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ હજાર પુરા)** નાં જાતમુચરકા તથા તેટલી જ રકમનાં જામીન આજરોજ હુકમ તારીખથી ૬(છ) માસના સમયગાળા માટે આપવાનો

હુકમ કરવામાં આવે છે.

(૩) હાલનાં કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો જ્યારે કિંમતી મુદ્દામાલ તેની માલિકીની ખરાઈ કરી પરત કરવો અને જો અગાઉ વચગાળાના હુકમથી પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ આથી શરતો બાદ કરી કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૨૭, માહે–માર્ચ, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૨૭/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)